ધોરણ-૮ નો માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સમાવેશ કરવાના કારણે બિન સરકારી અનુદાનીત માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :-બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ.
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૧૧/૨૦૧૦

આમુખ :-

ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ, ૨૦૧૦ અન્વયે ધો-૮ નો માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સમાવેશ કરવામાં આવેલ છે. કાયદાની જોગવાઇ મુજબ સમગ્ર રાજયમાં ધોરણ-૮ને પ્રાથમિક શાળામાં ખસેડવાની કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની થાય છે.

ધોરણ-૮ને ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં ખસેડવાને કારણે રાજયની અનુદાનીત માધ્યમિક શાળાઓમાં ઘણી મોટી સંખ્યામાં જુદા જુદા વિષયના શિક્ષકો ફાજલ થાય તેમ છે

વિદ્યાર્થીઓ પૂરતી સંખ્યામાં ન મળવાને કારણે શાળા બંધ થાય કે શાળાના વર્ગોની સંખ્યા ઘટે તો તેના કારણે બિન સરકારી અનુદાનીત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળના ફાજલ શિક્ષકો/કર્મચારીઓને રક્ષણ બાબતે શિક્ષણ વિભાગના તા.૨૧-૫-૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૨૯૩-૨૫૩૩-ગ.૧ તથા તા.૬-૭-૯૮ તેમજ તા૧૬-૮-૨૦૦૨ના ના ઠરાવ ક્રમાંક ઉમશ-૧૧૯૮-ઇએમ-૫૩-ગ.૧ થી જે નીતિ નકકી થયેલી છે તે યથાવત રહેશે.

પરંતુ ધોરણ-૮ નો વર્ગ ઉચ્ચતર પ્રાથમિક શાળામાં ફેરબદલી થવાના કારણે માધ્યમિક શાળાના શિક્ષકો ફાજલ પડે છે તે ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ, ૨૦૧૦ અંતર્ગત ધો-૮ નો ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવાને કારણે ઊભી થયેલી પરિસ્થિતિ છે.

આથી ધોરણ-૮ નો માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સમાવેશ કરવાના કારણે બિન સરકારી (અનુદાનીત) માધ્યમિક શાળાના ફાજલ

થતા શિક્ષકોની નોકરીના રક્ષણ અંગે નીતિ નકકી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે ધોરણ-૮ નો ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવાના કારણે બિન સરકારી (અનુદાનીત) માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને નોકરીનું રક્ષણ આપી સમાવેશ કરવા બાબતે નીચે મુજબ નિયમો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ, ૨૦૧૦ અન્વયે ધો-૮નો ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સમાવેશ કરવાને કારણે ફાજલ થતા વિષયવાર શિક્ષકોની યાદી સબંધિત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તૈયાર કરવામાં આવશે અને આ રીતે ફાજલ થયેલ શિક્ષકોનો જે તે જિલ્લાની અનુદાનીત માધ્યમિક શાળાઓમાં હાલની ખાલી પડેલી જગ્યામાં સમાવેશ કરવાનો રહેશે.

(૨) ફાજલ શિક્ષકોની ફાળવણીમાં પારદર્શીતા જળવાય તે માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

   (i) સમગ્ર જિલ્લાની અનુદાનીત શાળાઓની વિષયવાર ખાલી જગ્યા અંગેની માહિતી જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના નોટીસ બોર્ડ પર મુકવાની રહેશે.

   (ii) જિલ્લાની જે તે વિષયની શાળાવાર ખાલી જગ્યાની વિગતો ફાજલ થતા શિંક્ષકને મોકલવીને તેની પાસેથી શાળા પસંદગીની અગ્રતાનો વિકલ્પ મેળવવાનો રહેશે અને સબંધિત શિક્ષકે એક અઠવાડિયામાં વિકલ્પ પત્ર રજૂ કરવાનું રહેશે. જે આખરી ગણાશે. નિયત સમયમાં વિકલ્પ રજૂ ન કરનારા શિક્ષકના કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(3) નિયમ-(૧) અને (૨) મુજબ કાર્યવાહી પૂરી કર્યા બાદ પણ જો શિક્ષકો ફાજલ રહે તો તેવા ફાજલ શિક્ષકોનો, જે તે જિલ્લાની પ્રાથમિક શાળામાં નવા શરૂ થયેલ ધોરણ-૮ ના વર્ગ માટે ઉપલબ્ધ ખાલી જગ્યામાં સમાવેશ કરવાનો રહેશે. આ અંગેની કાર્યવાહી જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના પરામર્શમાં પુરી કરવાની રહેશે.

(૪) નિયમ (૧) અને (3) મુજબ ફાજલ શિક્ષકોની ફાળવણી કર્યા બાદ, કમિશ્નરશ્રી,મ.ભો.યો.અને શાળાઓ, સમગ્ર રાજયના તમામ જિલ્લાઓના

બાકી રહેલા ફાજલ શિક્ષકો અને અનુદાનીત શાળાઓમાં બાકી રહેતી વિષયવાર ખાલી જગ્યાઓની માહિતી સંકલિત કરશે અને સંકલિત માહિતીના આધારે બાકી રહેતા ફાજલ શિક્ષકોને શકય હશે ત્યાં સુધી તેમની મુળ શાળાના નજીકના જિલ્લાની અનુદાનીત શાળામાં ફાળવણીના હુકમો કરશે.

(૫) નિયમ-(૪) મુજબ ફાળવણી કર્યા બાદ પણ ફાજલ શિક્ષકો બાકી રહે તો તેવા શિક્ષકોની વિગતવાર યાદી કમિશ્નરશ્રી, મ. ભો. યો. અને શાળાઓ, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને મોકલાવશે અને નિયાયકશ્રી, પ્રાથમિક શિક્ષણ સમગ્ર રાજયની ધોરણ-૮ નો વર્ગ ધરાવતી પ્રાથમિક શાળામાં ઉપલબ્ધ વિષયવાર ખાલી જગ્યાઓને ધ્યાનમાં રાખી ફાજલ શિક્ષકોની ફાળવણી કરશે. આ રાતે ફાળવણી કરતી વખતે ઉપલબ્ધ ખાલી જગ્યાઓને ધ્યાનમાં લઇ શકય હશે ત્યાં સુધી જે તે ફાજલ શિક્ષકોને તેમના મુળ જિલ્લામાં અથવા નજીકના જિલ્લાની શાળામાં ફાળવણી કરવાની રહેશે.

(૬) પ્રાથમિક શાળામાં સમાવેશ કરેવામાં આવેલા અનુદાનીત માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકોને તેમને હાલની નોકરીની શરતો મુજબ મળવાપાત્ર પગાર, પગાર ધોરણ અને અન્ય લાભો યથાવત રહેશે અને ભવિષ્યમાં જયારે માતૃ શાળામાં જગ્યા ખાલી પડે ત્યારે ફરજીયાતપણે તે શાળામાં સમાવેશ કરવાનો રહેશે.

(૭) ફાજલ શિક્ષકને સમાવવા બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીનો આદેશ આખરી ગણવાનો રહેશે અને જે સબંધિત શિક્ષક તેમને ફાળવેલી જગ્યા પર હાજર નહિં થાય તો તેમની નોકરી ગમે તેટલા વર્ષની હોય તેને ધ્યાનમાં લીધા સિવાય ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪ના વિનિયમ-૩૩ ની જોગવાઇ મુજબ વળતર ચુકવીને છુટા કરવાના રહેશે.

(૮) નિયમ-(૧)અને(૩) મુજબ ફાળવેલ શિક્ષકને જે તે સંસ્થાએ ફરજીયાતપણે હાજર કરવાના રહેશે. આવા હુકમનો અનાદર કરવાના કિસ્સામાં જેટલો સમય આવા શિક્ષકને કામ વગર પગાર ચુકવવો પડે, તેટલો ખર્ચ સંસ્થાને ચુકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી કાપી લેવાની રહેશે. જે શાળાને ફાળવેલ શિક્ષકના પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન થતી હોય તો તેવી શાળાની નોંધણી રદ કરવાની કાર્યવાહી સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ કરવાની રહેશે.

(૯) જે બિન સરકારી (અનુદાનીત) માધ્યમિક શાળામાં રોસ્ટર પોઇન્ટ પ્રમાણે જે તે જગ્યા અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને જે તે વિષયના ફાજલ શિક્ષક જિલ્લા શિક્ષણાધિકારી પાસે ઉપલબ્ધ હોય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ ફાજલ શિક્ષકથી તે જગ્યા ભરવાની રહેશે અને રોસ્ટર પોઇન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(૧૦) કોઇ પણ શિક્ષક ફાળવણી વગર ફાજલ ન રહે અને કામગીરી વિના પગારની ચુકવણી કરવી ન પડે તેની તકેદારી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓએ રાખવાની રહેશે.આવો કોઇ પણ કેસ સરકારના ધ્યાન પર આવશે તો તે માટે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની અંગત જવાબદારી ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ (માધ્યમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના પ્રતિ :

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી,
માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,
અગ્ર સચિવશ્રી શિક્ષણના રહસ્ય સચિવશ્રી,
સચિવશ્રી પ્રાથમિક શિક્ષણના રહસ્ય સચિવશ્રી,
નિયામકશ્રી, જીસીઇઆરટી, સેકટર-૧૨, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, મ. ભો. યો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ.
સર્વે જિલ્લા શિક્ષણાધિકારી,જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી,
સર્વે અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ,
સિલેકટ ફાઇલ. ગ-શાખા / સિલેકટ ફાઇલ. ના.સ.અ.શ્રી.ગ-શાખા